ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૬ ટકા

# શહેરમાં ભાજપ દ્વારા સંવેદના દિવસ ઉજવાયો

## ગાંધીનગરની પ્રથમ ઈંટ મુકાઈ હતી તે સ્થાને જીઈબી ખાતે મહાનગર ભાજપા દ્વારા વૃક્ષારોપણ તેમજ કોરોના વોરિયર્સનું સન્માન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના ૫૭માં સ્થાપના દિન અને ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ સરકારના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ નિમિતે મહાનગર ભાજપાના પ્રમુખશ્રી ઋચિર ભટ્ટના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ, કોરોના વોરિયર્સનું સન્માનના કાર્યક્રમ તેમજ કેક કટિંગનું આયોજન ગાંધીનગરની પ્રથમ ઈંટ મુકાઈ હતી તે સ્થાને જીઈબી ખાતે કરવામાં આવ્યું હતું.

આજના આ કાર્યક્રમમાં રાજય સરકારના માનનીય મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મહાનગર ભાજપના પ્રભારીશ્રી મોહનલાલ પટેલ, પ્રદેશ અગ્રણી અમિત ઠાકર, મહાનગર ભાજપા સંગઠનના પ્રમુખ ઋચિર ભટ્ટ, પૂર્વ મેયરશ્રી રીટા પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ શ્રી કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષશ્રી નાઝાભાઈ ઘાંઘર, પૂર્વ ધારાસભ્ય પુનમભાઈ મકવાણા, મહાનગર ભાજપ સંગઠનના હોદ્દેદારો, મોરચાના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ, નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.






મંચસ્થ મહાનુભાવો દ્વારા કોરોના મહામારીમાં જનતાની સેવામાં ખડે પગે રહી સતત કાર્યશીલ રહી ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશને જે સુંદર કામગીરી બજાવી હતી તે કાર્યને બિરદાવી અભિનંદન પાઠવી કલેકટરશ્રી ડો.કુલદીપ આર્યા, મ્યુનિસિપલ કમિશનરશ્રી ધવલ પટેલ, ડે. મ્યુનિસિપલ કમિશનરશ્રી પી.સી.દવે, મનપા આરોગ્ય અધિકારી ડો.કલ્પેશ ગોસાઈ, ફાયર વિભાગના મહેશભાઈ મોઢ, સેનિટેશન ટીમના હરીશ જોશી, વસાહત મંડળના પ્રમુખશ્રી અરુણ બુચ સહિતના મહાનુભાવો ઉપરાંત કોરોનાકાળમાં જનતાની વ્હારે આવનાર વિવિધ સમાજ તેમજ સંસ્થાઓના પ્રમુખશ્રીઓ, અગ્રણીશ્રીઓ, ધાર્મિક સંસ્થાઓના સંતો, અગ્રણીશ્રીઓ, દૂધ મંડળીના સભ્યો, સફાઈ કામદારોનું 'કોરોના વોરિયર્સ'નું મોમેન્ટો આપી તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ આત્મનિર્ભર ભારતના નિર્માણના સંકલ્પ સાથે વૃક્ષારોપણ અને કેક કટિંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત છેલ્લા ૫૬ વર્ષમાં ગાંધીનગરના વિકાસ અને મૂળભૂત જરૂરિયાતોની પૂર્તિ માટે કાર્યરત પાણી પુરવઠા, માર્ગ મકાન, ગટર વ્યવસ્થા, વીજ વિભાગમાં કાર્ય કરતા સૌને તેમજ ગાંધીનગરના વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપનાર મહાનુભવોનું સ્મરણ કરીને તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી કૌશિકભાઈ પટેલ અને શ્રી ઋચિર ભટ્ટે પ્રાસંગિક ઉદબોધનમાં સૌ નગરવાસીઓને સ્થાપના દિનની તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. કોરોના મહામારીમાં જનતાની સેવામાં ખડે પગે રહી સેવા કરવા બદલ સૌને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે કોઈ પણ પરિસ્થિતિમાં જનતાની પડખે રહેવું એ જ ભાજપાના સંસ્કાર છે. શ્રી કૌશિકભાઈ પટેલે આજના કાર્યક્રમના સુંદર આયોજન માટે શ્રી ઋચિર ભટ્ટ સહિત મહાનગરની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે મનપા ચૂંટણી ઈન્ચાર્જ અમિત ઠાકરે આજના દિવસની શુભકામનાઓ પાઠવી મહાનગર ભાજપાની સંગઠનશક્તિને બિરદાવી હતી. આજના આ કાર્યક્રમના આયોજનમાં યુવા દિશા કેન્દ્રએ સહયોગ કર્યો હતો તેમજ શ્રી સંજીવ મહેતાએ કાર્યક્રમની વ્યવસ્થાની જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગરના પૂર્વ ક્રિકેટર્સની જીસીએમાં કોચ સિલેકટર્સ તરીકે નિમણુંક

### શહેરના ચાર યુવા ખેલાડીનો અન્ડર-૧૯ તથા પાંચનો અન્ડર-૧૬ના સંભવિતોમાં સમાવેશ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના જાણીતા ક્રિકેટર મોહનીશ પરમાર તથા પૂર્વ સ્ટેટ ખેલાડી ધ્રુવ ઠકકરની ગુજરાત ક્રિકેટ એસોસિએશનમાં કોચ તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત શહેરના વધુ એક ખેલાડી પ્રથમેશ પરમારની રણજી ટ્રોફીના સિલેકટર તરીકે જીસીએમાં નિમણુંક કરવામાં આવી છે તેમજ કૃષ્ણસિંહ ચાવડા અને પ્રિતીબેન વઢવાણાનો પણ જીસીએની પસંદગી સમિતિમાં લેવાયા છે.

ગાંધીનગરના પૂર્વ રણજી પ્લેયર મોહનીશ પરમારની રણજી ટ્રોફીની સિનિયર ટીમના ફિલ્ડીંગ કોચ તરીકે, સરઢવના વતની ધ્રુવ ઠકકરની અન્ડર-૧૪ તથા અન્ડર-૧૬ જુનિયર ટીમના કોચ તરીકે, કૃષ્ણસિંહ ચાવડાની અન્ડર-૧૪ તથા અન્ડર-૧૬ જુનિયર ટીમના સિલેકટર તરીકે અને પ્રિતીબેન વઢવાણાની વિમેન્સ સિલેકશન સમિતિમાં સિલેકટર તરીકે નિમણુંક કરવામાં આવતા શહેરના ક્રિકેટ આલમમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે. આ ઉપરાંત શહેરના ચાર યુવા ક્રિકેટરોનો જીસીએ દ્વારા અન્ડર-૧૯ના સંભવિત ખેલાડીઓમાં અને પાંચ ખેલાડીઓનો અન્ડર-૧૬ના સંભવિત ખેલાડીઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા આ તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે સે-૩૦માં સરકારી પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૨

આજે ગાંધીનગરના સેક્ટર-૩૦ ખાતે જૂની આરટીઓ કચેરીની બાજુમાં આવેલી સરકારી પ્રાથમિક શાળામાં સેવાભાવી અને પર્યાવરણ પ્રેમી સંસ્થા હેપ્પી યુથ ક્લબ તથા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આજના કાર્યક્રમમાં સરકારી પ્રાથમિક શાળાના કેમ્પસમાં હેપ્પી યુથ ક્લબ તથા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના સ્વયંસેવકોએ મોટા વૃક્ષો થાય તેવા લીમડો, પીપળો, સરગવો, સપ્તપર્ણી, આમળા વગેરે છોડનું



વાવેતર કર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય કુમુદગૌરી ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતા અને તેમણે આ વૃક્ષોને ઉછેરવાની જવાબદારી સ્વીકારી હતી. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં બંને સંસ્થાના મળીને કલ્પેશ જોષી, વિવેક પરમાર, અમિત ગોંડ, હિરેન ચૌહાણ, રઘુભાઈ રબારી વગેરે જોડાયાં હતા અને વૃક્ષોનું વાવેતર કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે હેપ્પી યુથ ક્લબ તથા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરને ફરી હરિયાળું શહેર બનાવવા માટે શહેરની વિવિધ સંસ્થાઓના સહયોગથી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે જેના ભાગરૂપે આજે ગાંધીનગરના સ્થાપના દિને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ ગાંધીનગરનું ગૌરવ

ગાંધીનગર, તા.૨



૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ સ્થિત ગાંધીનગર શહેરના સેકટર-૨ના કારોબારી સભ્ય નિલેશભાઈ પટેલની પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ ગાંધીનગર તાલુકાના અધ્યક્ષ તરીકે તેમજ પાટીદાર સમાજ ૪૨/૮૪ કડવા પાટીદારના સહમંત્રી તથા ચિલોડા પ્રાથમિક શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલની પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ ગાંધીનગર જિલ્લાના અધ્યક્ષ તરીકે વરણી થવા બદલ શિક્ષણ સાથે સંકળાયેલા સ્નેહીમિત્રો તથા શુભેચ્છકોએ બંનેને ખૂબ અભિનંદન પાઠવી શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

## સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં 'ઓન કેમ્પસ પ્લેસમેન્ટ ફેર' યોજાયો




ગાંધીનગર, તા.૨

સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ દ્વારા આજરોજ એક 'ઓન કેમ્પસ પ્લેસમેન્ટ ફેર' નું આયોજન કૉલેજ કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં એલઆઈસી, ટેક મહિન્દ્રા, ગેલ્કો ઈલેક્ટ્રોનિક્સ, કોસ્મોસ પ્રા. લિ., પંજાબ કાર્બ્સ પ્રા. લિ. જેવી જાણીતી કંપનીઓનાં પ્રતિનિધીઓ દ્વારા વિદ્યાર્થીઓનાં ઈન્ટરવ્યુ લેવામાં આવ્યાં હતા. આ ઈન્ટરવ્યુમાં ૧૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલો. જેમાંથી ૫૦ જેટલા વિદ્યાર્થીઓની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. આ 'ઓન કેમ્પસ પ્લેસમેન્ટ ફેર'નું આયોજન કૉલેજ પ્લેસમેન્ટ સમિતિએ કરેલું. કાર્યક્રમને સફળ બનાવવાં માટે આચાર્યશ્રી તેમજ શૈક્ષણિક સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ફુલવાડી રાજુભાઈ, ઉ.વ. ૩૮, સેકટર-૬
- સ્વ. ભરવાડ પુરીબેન બલુભાઈ, ઉ.વ. ૬૩, લીલાપુર, દસક્રોઈ
- સ્વ. ઠાકોર પ્રતાપજી બાવાજી, ઉ.વ. ૬૮, ગીયોડ
- સ્વ. જોષી અરૂણાબેન પુરષોત્તમભાઈ, ઉ.વ. ૭૮, સેકટર-૨૮
- સ્વ. પાન્ડે કલમાકાન્ત હીરવા, ઉ.વ. ૫૯, વાવોલ

## અસરગ્રસ્ત ખેડૂતોનું સન્માન કરી વસાહત મહાસંઘે શહેરનો સ્થાપના દિવસ ઉજવ્યો

### પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ બંધ થયેલી સ્કૂલો અને દવાખાના અંગે હૈયાવરાળ ઠાલવી : સપ્તાહ દરમ્યાન વૃક્ષારોપણ-મેડીકલ કેમ્પ જેવા કાર્યક્રમો હાથ ધરાશે




ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના ૫૭મા સ્થાપના દિને શહેર વસાહત મહાસંઘ દ્વારા સે. ૨૧માં વિશ્રામગૃહ ખાતે કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી તથા આ પ્રસંગે શહેરના નિર્માણ માટે પોતાની મહામુલી જમીન આપનાર અને હજુ સુધી ન્યાય માટે ઝઝુમી રહેલા ૧૪ ગામના અસરગ્રસ્ત ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતું. વસાહત મહાસંઘ દ્વારા સમગ્ર સપ્તાહ દરમ્યાન વૃક્ષારોપણ-મેડીકલ કેમ્પો જેવા રચનાત્મક કાર્યો થકી ઉજવણીનો નિર્ધાર કર્યો હતો.

પાટનગરના સ્થાપના દિન નિમિત્તે શહેર વસાહત મહાસંઘ દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે શહેરના પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલ ઉપરાંત નિવૃત અધિકારી દિનેશભાઈ કાપડીયા, સચિવાલય ઉપહાર ગૃહના ચેરમેન પ્રદ્યુમનસિંહ વાઘેલા, અસરગ્રસ્ત ખેડૂત અગ્રણી અમરસિંહ ગોલ, નિવૃત માહિતી અધિકારી વિનોદસિંહ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ સ્વાગત પ્રવચન કરીને આવકાર આપી શુભેચ્છાઓ પાઠવી હતી. આ સાથે તેમણે ૫૬ વર્ષમાં શહેરના વહીવટીતંત્ર દ્વારા જે આયોજનો કરાયા તેના કારણે નાગરિકોની સગવડો ઓછી થઈ હોવાનું જણાવતા સરકારી શાળાઓ બંધ કરાઈ હોવાથી શ્રમજીવી વર્ગના બાળકોના અભ્યાસ પર અસર પડી હોવાનો આક્ષેપ કર્યો હતો. આ સાથે તેમણે બંધ થયેલાં સરકારી દવાખાના, પાણીના અપુરતા પ્રેશર, અપુરતી રેલવે સુવિધા સહિત વિવિધ પ્રશ્ને તેમની હૈયાવરાળ ઠાલવી હતી. આ સાથે સીટીપી વિભાગના નિવૃત અધિકારી કનુભાઈ સુથારે શહેરની સ્થાપના અને નિર્માણનો ચિતાર આપ્યો હતો. કાર્યક્રમમાં સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા તથા તુલસીભાઈ માળી સહિત શહેર વસાહત મહાસંઘના હોદ્દેદારો દ્વારા શહેરના અગ્રણીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન મહામંત્રી પોપટલાલ પ્રજાપતિ અને આભારવિધિ ઉપ પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાએ કરી હતી. આ સાથે સમગ્ર સપ્તાહ દરમ્યાન વૃક્ષારોપણ, મેડીકલ કેમ્પ કોરોના વોરિયર્સ સન્માન, બાળકોને મિઠાઈ વિતરણ સહિતના કાર્યક્રમોની જાહેરાત કરાઈ.




ગાંધીનગર જિલ્લાનો જ્ઞાનશકિત કાર્યક્રમ કોબા પ્રેક્ષા ભારતી ખાતે યોજાયો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમમાં શિક્ષણપ્રેમીઓ, સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા તે પ્રસંગની તસ્વીર. સાંસદ હસમુખભાઈ પટેલ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજપૂત સમાજની મહિલાઓ દ્વારા જાગૃતિ અભિયાન



ગાંધીનગર રાજપૂત સમાજની મહિલાઓની બેઠક સમાજભવન ખાતે મળી હતી. જેમાં બીનાબા રાણા (પ્રમુખ), સંગીતાબા સોલંકી (મહામંત્રી), ભાવનાબા વિક્રમસિંહ ગોલ દ્વારા બેઠક યોજાઈ હતી. દિન પ્રતિદિન સમાજમાં વધતા જતા છુટાછેડા, દહેજપ્રથા નાબુદીકરણ, દિકરીઓમાં શિક્ષણ અને રોજગારીનો વ્યાપ વધારવા પ્રયત્નો કરવા બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. દિકરા-દિકરીઓને સુસંસ્કારોનું નાનપણમાં સિંચન થાય તેવા સંસ્કાર આપવા સોનલબા ચાવડાએ ભાર મુકયો હતો. આ દરમિયાન સમાજની મહિલાઓએ હાજર રહી ચર્ચામાં ભાગ લીધો હતો.



ગાંધીનગરના ૫૬મા સ્થાપના દિનની ઉજવણી ગાયત્રી મંદિર, સેકટર-૧ ખાતે ઉલ્લાસભેર કરવામાં આવી હતી. આ અવસરે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

## સરસ્વતી વિદ્યાલયમાં ગાંધીનગરના જન્મદિનની ઉજવણી



ગાંધીનગર, તા.૨

સેકટર-૬, સરસ્વતી વિદ્યાલયમાં ગાંધીનગરના ૫૭માં જન્મદિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં ધોરણ-૯ની વિદ્યાર્થીનીએ દિપ પ્રાગટય કરીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. મફતભાઈ પ્રજાપતિ (કલાર્ક)એ ગાંધીનગરની શરૂઆતથી રચના વિશે સમજ આપી હતી. ગોપાલસિંહ સોલંકી (શિક્ષક) એ ગાંધીનગર નામ કઈ રીતે પડયું અને તે કર્મચારી નગર છે તેમ સમજાવ્યું હતું. હિતેન્દ્રસિંહ પરમાર (આચાર્ય) એ શિક્ષણની દૃષ્ટિએ ગાંધીનગર કેટલું લાભદાયી નિવડે છે તે વિશે સમજૂતી આપી હતી. શાળાના શિક્ષકોએ પ્રશ્નોત્તરી કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## જન્મદિને વધામણી



મિલિન્દ અમીન
મો. ૯૮૨૫૬ ૯૩૩૩૨




સ્મિત પટેલ
મો. ૯૮૨૪૦ ૮૨૪૧૬



શીતલબેન રમેશભાઈ પરમાર



જયનીલ જયેશકુમાર જોષી



બુદ્ધ ઉજ્જવલ પી
મો. ૯૪૨૭૯ ૭૨૨૭૦



કુણાલ સુરેશભાઈ ત્રિવેદી
મો. ૯૭૨૩૬ ૭૫૨૯૨



મગનભાઈ જી. પટેલ

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા.૨

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૪૨ લાભાર્થીને વિવિધ વસ્તુનું વિતરણ કરાયું હતું. જેમાં ભીલોડા તાલુકાના ગોઢ મુકામે છ



ગામોની ૮૫ વૃધ્ધ વિધવા બહેનોને ચોખા, ખાંડ, માસ્ક, બિસ્કીટ, પેંડા, દૂધીના બિયારણ આપવામાં આવ્યા ઉપરાંત રુદ્રાલમાં ૩૫ જરૂરિયાતમંદોને, ભેટાલી પાસે ૪ ગામોના ૨૨ લાભાર્થીને આ તમામ વસ્તુનું વિતરણ કરાયું હતું. નવ લોકોને પ્લાસ્ટિક, છત્રી તથા ૧૨ લોકોને ચપ્પલ આપવામાં આવ્યા હતા. આ સેવાકાર્યમાં મિલિંદભાઈ, નિખીલભાઈ ભટ્ટ, ગામેતીભાઈ, શારદુલ ઉપસ્થિત રહ્યા હતા.